VOL. NO. 03 ISSUE NO. 4 APRIL 2017 PRICE 30/-

# હાદી માસિક

બાળકો અને નવયુવાનો માટે

શાઅબાનુલ મોઅઝ્ઝમ

હિજરી સન ૧૪૩૮, એપ્રિલ ૨૦૧૭

## અંક - ૪



## બઈસ્મેહી સુબ્હાનહૂ તઆલા

ખુશાલીઓથી ભરપુર શાઅબાનનો મહાન માસ આવી ગયો છે અને આપનું ''હાદી'' પણ આપના હાથમાં છે જે આપની ખુશી બમણી કરી રહ્યું છે.

વહાલા બાળકો ! આપની જ દુઆઓ અને શુભેચ્છાઓને કારણે આપનું આ ''હાદી'' ઘણી બધી દીની અને દુન્યવી જાણકારી લઈને દર મહીને આવે છે અને આવતું રહેશે. (ઈન્શા-અલ્લાહ)

આ શાઅબાન માસમાં આપણાં માટે ખુશાલીઓનો ખજાનો છે.

૩જી શાઅબાનના દિવસે આપણાં વહાલા નબી સ.અ.વ. ના વહાલા નવાસા ઈમામ હુસૈન અ.સ. ની વિલાદત (જન્મ) થઈ હતી જેને કારણે સમગ્ર મદીના શહેર અને નબીનું ઉપવન ખુશાલીઓથી છલકાઈ ઉઠ્યું હતું.

૧૫મી શાઅબાનના દિવસે આપણાં ઈમામે ઝમાના અજ. ની પણ પુણ્યશાળી વિલાદત થઈ હતી અને પંદરમી એ જ ''શબે બરાત'' પણ છે જે આપણા માટે ઘણી મોટી પ્રસન્નતાની તારીખ છે.

૪ શાઅબાનનો દિવસ પણ આપણાં માટે એક મોટી ખુશાલીનો પ્રસંગ છે કેમકે તે દિવસે આપણાં આકા - અબુલ-ફઝલિલ-અબ્બાસ - અલમદારે કરબલા - સક્કાએ સકીનાની પુણ્યશાળી વિલાદત થઈ હતી.

વહાલા બાળકો ! આપણે આ દિવસોમાં એ બાબતનો ખાસ ખ્યાલ રાખવાનો છે કે શરીઅતની મર્યાદામાં રહીને જ ખુશાલી મનાવવામાં આવે. તબર્રુક અને મિઠાઈઓ વહેંચવાની છે. સલવાત અને સલામ સાથે એક-બીજા સાથે હાથ મિલાવવાના છે અને એક-બીજાને ભેટવાનું છે અને પોતાના મિત્રોને ભેટ સોગાદ આપવાની છે.

આ માસમાં અમારા તરફથી આપને નેક દુઆઓ સાથે આ ''હાદી'' છે - જેને બરાબર વાંચજો, મનન કરજો અને આ ખુશાલીના પ્રસંગોમાં આપના આ હાદી માટે પણ તે ઉત્તરોત્તર પ્રગતિના સોપાન સર કરે તેવી દુઆઓ માંગવાનું પણ વીસરી જતાં નહીં - હોં !

**વસ્સલામ**

## ઝેરે સરપરસ્તી હઝરતે હુજ્જત
અરવાહોના ફિદાહ, અજ્જલલ્લાહો તઆલા ફરજહુશ્શરીફ

**મર્હુમ જનાબ મૌલાના આબીદ હુસૈન રીઝવી**

સાહેબની યાદમાં

### મુખ્ય તંત્રી :
સૈયદ મોહમ્મદ રેઝા રિઝવી ગરવી

### કાર્યવાહક તંત્રી :
સૈયદ મોહમ્મદ અફ્ઝર
સૈયદ આબીદ હુસૈન એ રિઝવી 7383560072

### સહાયકો :
અહમદ રેઝા ઝુરારહ
તાલીમ રેઝા અજમેરી
એહસાન અલી રિઝવી

### અનુવાદક :
**સૈયદ મોહમ્મદ ફાઝિલ બુખારી** આઇ. એ. એસ (નિવૃત્ત)

### શુષોભન :
Heb Grafix મોહમ્મદ તાહીર
9898937633 E-mail: smtahir202@gmail.com

### ટુરીંગ એજન્ટ :
સૈયદ મીસમ મેહદી રિઝવી 9510344219

## "હાદી" માસિકના મેમ્બર બનવા માટે સંપર્ક કરો:

| | |
|---|---|
| **અમદાવાદ:** | (૧) શબ્બીર ભાઈ નુરાની, ફોનઃ ૯૩૭૬૧૬૮૩૦૬ |
| | (૨) મૌલાના ઝફરુલ હસન, ફોનઃ ૯૩૨૭૫૩૬૬૩૮ |
| | (૩) ઝાકીર ભાઈ મોમીન, ફોનઃ ૯૩૨૭૦૪૧૩૧૪ |
| **ભાવનગરઃ** | મુસ્તાકભાઈ વિરાણી, ફોનઃ ૯૮૨૪૫૩૮૧૧૪ |
| **મહુવાઃ** | મહેદીરઝા એમ. બંભોરા, ફોનઃ ૯૯૨૪૩૨૭૨૨૭ |
| **કાણોદરઃ** | નૌશાદભાઈ, જાફરી ચેનલ, ફોનઃ ૯૯૯૮૭૭૩૬૧૧ |
| **મેતાઃ** | મોહસીનભાઈ કડીવાલ, ફોનઃ ૯૮૯૮૩૬૯૦૮૯ |
| **ભરૂચઃ** | મુશ્તાકઅલી પાનવાલા, ફોનઃ ૯૮૨૪૨૪૩૦૫૧ |
| **ધોળકાઃ** | કમરઅલી મોમીન |
| **અંજારઃ** | રફીકભાઈ ખોજા, ફોનઃ ૯૯૨૫૩૧૮૬૨૧ |
| **રૂસ્તમપૂરાઃ** | સૈયદ આશીક હુસૈન, ફોનઃ ૯૮૨૪૧૧૯૩૭૨ |
| **રાજૂલાઃ** | મૌલાના હસન મહેદી, ફોનઃ ૯૯૦૪૧૪૬૧૧૦ |
| **સેલવાસાઃ** | ગુલામ અબ્બાસભાઈ દેવજાણી, ફોનઃ ૯૮૨૫૯૯૯૯૭૮ |
| **સિહોરઃ** | હસનઅલી વજીરઅલી વસાયા, ફોનઃ ૯૮૭૯૯૬૯૮૬૮ |
| **કચ્છઃ** | મુશ્તાક હુસૈન અબ્દુલ હુસૈન માસ્ટર, ફોનઃ ૯૮૨૪૨૧૬૪૭૦ |
| **ડેડીયાપાડાઃ** | રિઝવાન હુસૈન અમીરઅલી રાજાણી, ફોનઃ ૯૪૨૭૧૭૫૨૩૧ |

***ખાસ નોંધ:*** સભ્ય તથા એજન્ટ મિત્રોને નમ્ર અરજ છે કે જેનું અગાઉનું લવાજમ બાકી છે તે અને નવા વર્ષનું લવાજમ મોકલી આપવા વિનંતી.

## વિગતો માટે સંપર્ક :

**હૌઝએ ઈલમીયહ ઈમામ ખુમૈની (રહ.) ગોલ્ડન પાર્ક, વટવા, અમદાવાદ, ગુજરાત, ભારત**

E-mail: hadimasik@yahoo.com Website: www.hadikids.org

PHONE NO: 079-25892786, 94266 78614, 70969 21472, 97247 37865


**વાર્ષિક લવાજમ: રૂપિયા ૩૦૦/-**

# શાઅબાન માસ; ફઝીલત અને મહાનતા

શાઅબાનુલ મોઅઝ્ઝમ એવો માસ છે જેને રસૂલુલ્લાહનો મહીનો કહેવામાં આવે છે અને હદીસોમાં ઘણી જગ્યાએ એવું વર્ણન છે કે આ અત્યંત મહાન ફઝીલતોવાળો મહીનો છે અને આ મહીનામાં રોઝા રાખવાનો, સદકો આપવાનો અને અન્ય દુઆઓ અને આઅમાલ કરવાનો ઘણો વધારે સવાબ છે.

આવું કેમ?!

૧. રસૂલુલ્લાહ સ.અ.વ.નો મહીનોઃ- શાઅબાનુલ મોઅઝ્ઝમ માસ અત્યંત ફઝીલતોવાળો હોવાનું સૌથી મહત્વનું કારણ એ છે કે આ મહીનો અલ્લાહના અત્યંત મહાન પયગમ્બર હઝરત મુહમ્મદ મુસ્તફા સ.અ.વ.ની સાથે સંબંધિત છે. જે વ્યક્તિ આ માસને આદર આપે છે તે જાણે પયગમ્બર સ.અ.વ.ને પણ આદર આપી રહ્યો છે અને આવી વ્યક્તિને તેનો અકલ્પનીય મહાન બદલો મળશે. હદીસમાં છે કે ઈમામ સાદિક અ.સ.એ ફરમાવ્યું છે કેઃ ‘‘જો કોઈ વ્યક્તિ શાઅબાન માસમાં (ઓછામાં ઓછા) ત્રણ રોઝા રાખે તો જન્નત તેને અવશ્ય મળશે અને કયામતના દિવસે પયગમ્બરે અકરમ સ.અ.વ. પોતે આવી વ્યક્તિના ગુનાહ માફ (શફાઅત) ફરમાવશે.’’

તેવી જ રીતે ઈમામ સજ્જાદ અ.સ. વિશે કહેવાય છે કે આપ અ.સ. શાઅબાન માસમાં પોતાના સાથીઓને એકત્ર કરીને ફરમાવતાં હતાંઃ હે મારા મિત્રો! જાણો છો કે આ કયો માસ છે? આ શાઅબાન માસ છે કે જેના વિશે રસૂલ સ.અ.વ. એ ફરમાવ્યું છે કે આ મારો મહીનો છે, તેથી આપણાં પયગમ્બર સ.અ.વ. સાથે પ્રેમભાવ અને મિત્રતા માટે અને ખુદાનું સામિપ્ય પ્રાપ્ત કરવા માટે આ માસમાં રોઝા રાખો.

અલી ઈબ્નુલ હુસૈન (ઈમામ ઝૈનુલ આબેદીન અ.સ.)ના પ્રાણ જેના કબ્જામાં છે તે ખુદાના સમ! મેં મારા પુણ્યશાળી પિતા પાસેથી સાંભળ્યું છે કેઃ "અમીરૂલ મોઅમેનીન અ.સ. ફરમાવતાં હતાં કે જો કોઈ વ્યક્તિ નબી સ.અ.વ.ની મિત્રતાને કાજે અને ખુદાના સામિપ્યની પ્રાપ્તિના કાજે માહે શાઅબાનમાં રોઝા રાખશે; ખુદાવન્દે આલમ તેને પોતાનો મિત્ર ગણશે અને કયામતના દિવસે તેને મહાનતા આપશે અને તેને જન્નતમાં અવશ્ય મોકલશે."

૨. ખુદાના મહીનાની પ્રસ્તાવનાઃ- શાઅબાન માસની મહાનતા અને મહત્વ અને તેમાં અત્યંત વધારે સવાબ અને પુણ્યનું એક કારણ એવું પણ છે કે શાઅબાનનો મહીનો ખુદાના મહીના એટલે કે રમઝાનુલ મુબારક માટે એક પ્રસ્તાવના અને પુલ સમાન છે. મનુષ્ય ખુદાના આતિથ્યમાં જતા પહેલાં જ તેની પૂર્વ તૈયારી શરૂ કરી દે અને આ પૂર્વ તૈયારી શાઅબાન માસમાં જ કરી લેવી જોઈએ તેથી હદીસોમાં આપ હઝરત સ.અ.વ.એ ખુદ આ બાબતે ઘણી તાકીદ કરી છે.

આપ સ.અ.વ. એ એક સવિસ્તાર વર્ણનમાં શાઅબાન માસ અને રમઝાન માસની ઘણી મહાનતા અને ફઝીલતોનું વર્ણન કર્યું જેને સંક્ષિપ્તમાં આ રીતે વર્ણવી શકાય કેઃ ‘‘શાઅબાન મારો મહીનો છે અને રમઝાન ખુદાનો મહીનો છે. જે વ્યક્તિ મારા માસમાં રોઝા રાખશે; ખુદાવન્દે આલમ તેની કબરમાંથી (તેની) એકલતા (ભય) દૂર કરી દેશે. જ્યારે તેને કબરમાંથી બહાર કાઢવામાં આવશે ત્યારે તેનો મુખારવિન્દ પ્રકાશિત હશે.’’

રસૂલે ખુદા સ.અ.વ. કેટલીક અન્ય બાબતો પછી આગળ ફરમાવે છે કેઃ ‘‘હું કયામતના દિવસે તેનો હાથ પકડીને તેને ‘‘પુલે સિરાત’’ પાર કરાવી દઈશ.’’ સિરાત પુછશેઃ ‘‘યા રસૂલુલ્લાહ! આ કોણ છે?’’ ત્યારે હું કહીશ કેઃ ‘‘આ એ જ વ્યક્તિ છે જેણે મારા માસમાં મારા કાજે રોઝા રાખ્યાં હતાં અને ખુદાના મહીનામાં ખુદાના વાયદાને કાજે રોઝા રાખ્યાં હતાં, હવે હું પોતે તેને જન્નતમાં લઈ જઈશ.’’

શાઅબાન માસમાં શું કરવું જોઈએ?

શાઅબાન માસમાં સૌથી મહત્વનો અમલ રોઝા રાખવા તે છે. આ સિવાય બીજા અનેક આઅમાલ છે. ઈમામ રિઝા અ.સ.ના એક નિકટના સાથી જનાબ અબા-સલ્ત હરવીએ બ્યાન ફરમાવ્યું છે કે હું શાઅબાનના છેલ્લા જુમ્આના દિવસે ઈમામ અ.સ.ની સેવામાં હાજર થયો ત્યારે ઈમામ અ.સ.એ ફરમાવ્યુંઃ ‘‘હે અબા-સલ્ત! માહે શાઅબાનનો મોટો

# شعبان المعظم

ભાગ તો પસાર થઈ ગયો અને આ છેલ્લા શુક્રવાર (જુમ્આ)નો દિવસ પણ આવી ગયો તેથી આ અંતિમ દિવસોમાં પણ પોતાના આઅમાલની ઉણપને પૂર્ણ કરી લો. જે કાંઈ પણ ક્ષતિઓ થઈ હોય તેનો બદલો વાળી દો અને એવા કાર્યો કરો જે તમારા માટે લાભદાયક હોય.'' (તે પછી આ બાબતે સ્પષ્ટતા કરતાં ઈમામ અ.સ.એ કેટલાંક મહત્વના કાર્યો આવી રીતે વર્ણવ્યાં છે.)

૧. આ મહીનામાં મોટા પ્રમાણમાં દુઆ કરતાં રહો.

૨. પોતાની ક્ષતિઓ અને ગુનાહોની ખુદા સમક્ષ માફી માંગો.

૩. કુરઆનની તિલાવત વધારે પ્રમાણમાં કરતાં રહો.

૪. રમઝાન માસ આવે છે તેથી પોતાને શુધ્ધ કરી લો.

૫. કોઈની થાપણ હોય તો તેને પોતાને માથે ન રાખો તેને પરત કરી દો.

૬. પોતાના હૃદયમાં કોઈના પ્રત્યે ભેદભાવ ન રાખશો.

૭. ખુદાના કાજે પરહેઝગાર થઈ જાવ.

૮. દરેક પરિસ્થિતિમાં ખુદા ઉપર જ ભરોસો રાખો કેમકે જે કોઈ પણ ખુદા પર ભરોસો રાખે છે, ખુદા તેના માટે (તેની સહાયતા માટે) પર્યાપ્ત છે.

૯. આ મહીનામાં ખુદાને ખૂબ જ વધારે યાદ કરતાં રહો.

شعبان المعظم

# સલવાતે શાઅબાનિયાહ;
# મહત્વ અને વિશિષ્ટતાઓ

આપણાં પુસ્તકો-ખાસ કરીને દુઆઓના પુસ્તકો અને "મફાતીહુલ જિનાન"માં શાઅબાન માસની એક મહત્વપૂર્ણ સલવાતનો ઉલ્લેખ છે જેને "સલવાતે શાઅબાનીયાહ" કહેવામાં આવે છે.

આ "સલવાતે શાઅબાનીયાહ" શું છે?!

આ સલવાત જનાબ ઈમામ સજ્જાદ અ.સ. એ બ્યાન ફરમાવી છે, જેની શરૂઆત આ રીતે થાય છે કેઃ "અલ્લાહુમ્મા સલ્લે અલા મુહમ્મદિંવ-વ-આલે મુહમ્મદ શજરતિન્નબુવ્વતે વ મોઝેઈર્રિસાલતે વ મુખ્તલફિલ મલાએકતે..." સંપૂર્ણ સલવાત "મફાતીહુલ જિનાન" અને દુઆઓના અન્ય પુસ્તકોમાં છે.

શાઅબાન માસમાં મધ્યાન (ઝવાલ)ના સમયે આ "સલવાતે શાઅબાનીયાહ" પઢવાની ઘણી તાકીદ કરવામાં આવી છે. તેવી જ રીતે વિદ્વાનો (ધાર્મિક વિદ્વાનો-ઉલ્માઅ) આ સલવાતના અર્થ અને ગુઢાર્થને સમજવાની પણ ખાસ તાકીદ કરે છે.

"સલવાતે શાઅબાનીયાહ" શાઅબાન માસમાં પઢવા માટેની અત્યંત અગત્યની સલવાત છે. શાઅબાનના મહીનામાં તો સામાન્ય સલવાત પઢવાનો સવાબ પણ અન્ય દિવસોમાં સલવાત પઢવા કરતાં દસ ગણો હોવાનું જણાવવામાં આવ્યું છે. (વસાએલુશ્શીઆ, ભાગ ૧૦, પાન નં ૪૯૨) તેવી જ રીતે શાઅબાન માસમાં સલવાત પઢવા વિશે "અલમિસ્બાહુલ મોતહજ્જદ" વિગેરેમાં લખવામાં આવ્યું છે કેઃ "આકાશમાં એક નદી છે જેને "દરિયાએ બરકાત" કહેવામાં આવે છે. તેને કાંઠે એક વૃક્ષ છે જેને "તહય્યાત" કહેવામાં આવે છે. તે વૃક્ષ ઉપર એક પક્ષીનો માળો છે જેમાં 'સલવાત' નામનું પક્ષી રહે છે.

જ્યારે કોઈ મોમિન શાઅબાન માસમાં પયગમ્બર સ.અ.વ. ઉપર સલવાત મોકલે છે ત્યારે ખુદાવન્દે આલમ તે પક્ષીને નદીમાં ડુબકી મારીને પોતાની પાંખોને હલાવવાની આજ્ઞા આપે છે. આ પક્ષી જ્યારે બહાર આવે છે અને તેના શરીર અને પાંખોમાંથી પાણીના જેટલા ટીપાં ટપકે છે તે દરેક ટીપામાંથી ખુદાવન્દે આલમ એક ફરિશ્તાને પૈદા કરે છે અને આ તમામ ફરિશ્તાઓ પરવરદિગારના ગુણગાન ગાવામાં (તસ્બીહ-વ-તહેલીલમાં) અને ઈબાદતમાં પરોવાઈ જાય છે, જેનો સઘળો સવાબ તે સલવાત પઢવાવાળાના 'નામએ આઅમાલ'માં લખવામાં આવે છે."

તેવી જ રીતે શાઅબાન માસની આ સલવાત પણ એ હકીકત જ દર્શાવે છે કે આપણે આ માસમાં નબીયે અકરમ સ.અ.વ.ના આદર માટે ખાસ કાર્યો (આઅમાલ) કરવા જોઈએ કેમકે આ માસ તો નબીયે અકરમ સ.અ.વ.થી જ સંબંધિત છે અને આપણે આ સલવાત પઢીને પણ એક રીતે તો આપ હઝરત સ.અ.વ. અને અઇમ્મએ માઅસૂમીન અ.સ.ને આદર આપીએ છીએ કે જેવી રીતે નમાઝ અને સજદો એ પણ આપણાં પરવરદિગાર પ્રત્યે આપણાં ગાઢ આદર પ્રગટ કરવાના દ્રષ્ટાંત છે.

આમ શાઅબાન માસ હઝરત મુહમ્મદ સ.અ.વ. અને આપ સ.અ.વ.ની મુબારક, પવિત્ર અને માઅસૂમ આલ ઉપર સતત અને વધારેથી વધારે સલવાત પઢતાં રહેવું તે આપણી ફરજ છે અને તે સાથે એ જાણવું પણ જરૂરી છે કે આ સલવાતમાં શું વર્ણન છે કે જેને કારણે તેનો આટલો વધારે મહિમા દર્શાવવામાં આવેલ છે. તેથી અમે "સલવાતે શાઅબાનીયાહ"ની કેટલીક વિશિષ્ટતાઓ આપની સેવામાં પ્રસ્તુત કરી રહ્યાં છીએ.

"સલવાતે શાઅબાનીયાહ"ની કેટલીક અગત્યની વિશિષ્ટતાઓઃ-

સંક્ષિપ્તમાં એવું કહી શકાય કે આ દુઆમાં મુહમ્મદ સ.અ.વ. અને આલે મુહમ્મદ અ.સ.ના અનેક ગુણો અને ફઝાઇલનું વર્ણન છે. તેવી

જ રીતે શાઅબાન માસના મહત્વ અને મહિમાનું પણ વર્ણન છે તે પૈકી કેટલીક બાબતો આ પ્રમાણે છેઃ-

૧. આપ હઝરત નબુવ્વતના વૃક્ષ અને રિસાલતના સ્થાન છે.

૨. આપ હઝરત ફરિશ્તાઓની જ્યાં અવર-જવર છે તે સ્થાન છે.

૩. આપ હઝરત વિદ્યા અને જ્ઞાનના ખજાનાના માલિકો અને "વહીયે ખુદા" જ્યાં નાઝિલ થતી હતી તે ઘરના રહેવાસીઓ છે.

૪. આપણે સઘળા મનુષ્યો માટે એ માર્ગનું અનુસરણ કરવું આવશ્યક છે કે જે નબી સ.અ.વ. અને આલે નબી અ.સ.નો માર્ગ છે. તેથી એવી રીતે વર્ણન છે કે "અલ-ફુલ્કિલ જારિયતે ફિલ્લોજજિલ ગામેરતે યઅમનો મન રકેબહા વ યગરકો મન તરકહા, અલ-મુતકદ્દેમો લહુમ મારિક-વલ-મુતઅખ્ખિરો અનહુમ ઝાહિક વલ-લાઝિમો લહુમ લાહિક..." અર્થાતઃ "મુહમ્મદ સ.અ.વ. અને આલે મુહમ્મદ અ.સ. આ જગતના ઊંડા સમુદ્રમાં ચાલતાં વહાણ સમાન છે કે જે તેમની સાથે જોડાઈ ગયો તે સુરક્ષિત થઈ જશે અને જે તેમને તજીને ચાલ્યો જશે તે ડૂબી જશે અને જે એમનાથી આગળ નીકળી જશે તે "દીન"થી બહાર થઈ જશે અને જે એમનાથી પાછળ રહી જશે તે નષ્ટ થઈ જશે અને જેઓ સાથે રહેશે તેઓ જ સત્યની સાથે હશે."

૫. આપ હઝરત અત્યંત પવિત્ર અને નેક છે.

૬. સઘળા મનુષ્યો ઉપર તેમનો હક (અધિકાર) ફરજિયાત કરવામાં આવ્યો છે. તેમનું અનુસરણ કરવું તે તો બધા માટે ફરજિયાત છે.

૭. ખુદાવન્દે આલમની આજ્ઞાપાલનથી લોકોના મન પ્રફુલ્લિત થાય છે અને તેને અવગણવાથી મનુષ્ય પોતે જ અપમાનિત થાય છે.

૮. આજીવિકા અને રોજગાર આપવાવાળો માત્ર અને એકમાત્ર અલ્લાહ છે તેથી ગુનાહોથી અંતર રાખીને તેની પાસે જ આજીવિકાની યાચના કરવી જોઈએ. તે (અલ્લાહ) પોતાની દયા-કૃપાથી આજીવિકામાં વૃધ્ધિ કરી આપે છે અને ન્યાયપૂર્વક આજીવિકાની વહેંચણી કરે છે.

૯. મનુષ્યે પોતાનું જીવન સદાયે અલ્લાહની દયા-કૃપાની છત્રછાયામાં વિતાવવું જોઈએ અને અલ્લાહની દયા-કૃપાની પ્રાપ્તિને કાજે અલ્લાહ સમક્ષ યાચના કરતા રહેવું જોઈએ.

૧૦. શાઅબાન મહીનો નબીયે અકરમ સ.અ.વ.નો મહીનો છે. આ સમગ્ર મહીનામાં અલ્લાહની દયા-કૃપા દરેક પળે દ્રશ્યમાન રહે છે તેથી જ વર્ણન થયું છે કે "શાઅબાનુલ્લઝી હફફતહૂ મિન્કા બિર્રહમતે વર્રિઝવાન." અર્થાતઃ "શાઅબાન માસ અલ્લાહની દયા-કૃપા અને ખુદાની પ્રસન્નતાથી છલોછલ ભરેલ છે." એટલે કે આ માસમાં દરેક દિશામાં અલ્લાહની દયા-કૃપા માત્ર હોય છે તેની સવાર, તેનું મધ્યાન, તેની સાંજ (ઝોહર અને અસ્ર) તેની રાત્રી, તેની રાત્રીનો પાછલો પહોર (સહરી) બધું અલ્લાહની દયા-કૃપાથી છલોછલ છે તેથી આપણે દરેક રીતે અલ્લાહની દયા-કૃપાની બરકતોથી લાભાંવિત થતાં જ રહેવું જોઈએ.

૧૧. શાઅબાન માસ નબીયે અકરમ સ.અ.વ.ની આ માસની ઈબાદતો સભર જીવનની યાદ આપે છે કે આપ સ.અ.વ. આ માસના દિવસોએ રોઝા રાખતાં હતાં અને રાત્રે ઈબાદતો કરતાં રહેતાં હતાં અને જીવનની અંતિમ પળો સુધી પોતાના સમગ્ર અસ્તિત્વને ખુદાની બારગાહમાં નતમસ્તક રાખતાં હતાં.

૧૨. બંદો આ દુઆમાં એ વાત જણાવે છે કે ખુદા અમને પોતાના નબી સ.અ.વ.ની "શફાઅત" અને તેમના ચરિત્રનું અનુસરણ કરવાની સદ્‌બુધ્ધિ અર્પણ કરે કે જે તારા સુધી પહોંચવાનું સાધન છે.

૧૩. દુઆને અંતે એવું વર્ણન છે કેઃ "નબીયે અકરમ સ.અ.વ. (અને આલે મુહમ્મદ અ.સ.)નો માર્ગ એ જ માર્ગ છે કે જેને સ્વીકારીને મનુષ્ય ખુદાની આજ્ઞાઓનું અનુસરણ કરી શકે છે અને તે રીતે ખુદાની પ્રસન્નતા પ્રાપ્ત કરી શકે છે, ગુનાહોની માફી મળી શકે છે અને તેની દયા-કૃપા મેળવી શકે છે અને તેવી જ રીતે જન્નત અને નેક લોકોનું સ્થાન પણ પ્રાપ્ત કરી શકાય છે."

# صلوات شعبانیه

اللّهُمَّ صَلِّ عَلى مُحَمَّدٍ وَ آلِ مُحَمَّدٍ، شَجَرَةِ النُّبُوَّةِ وَ مَوْضِعِ الرِّسَالَةِ وَ مُخْتَلَفِ الْمَلائِكَةِ وَ مَعْدِنِ الْعِلْمِ وَ أَهْلِ بَيْتِ الْوَحْيِ، اللّهُمَّ صَلِّ عَلى مُحَمَّدٍ وَ آلِ مُحَمَّدٍ، الْفُلْكِ الْجَارِيَةِ فِي اللُّجَجِ الْغَامِرَةِ، يَأْمَنُ مَنْ رَكِبَهَا وَ يَغْرَقُ مَنْ تَرَكَهَا، الْمُتَقَدِّمُ لَهُمْ مَارِقٌ وَ الْمُتَأَخِّرُ عَنْهُمْ زَاهِقٌ وَ اللازِمُ لَهُمْ لاحِقٌ، اللّهُمَّ صَلِّ عَلى مُحَمَّدٍ وَ آلِ مُحَمَّدٍ، الْكَهْفِ الْحَصِينِ وَ غِيَاثِ الْمُضْطَرِّ الْمُسْتَكِينِ وَ مَلْجَإِ الْهَارِبِينَ وَ عِصْمَةِ الْمُعْتَصِمِينَ، اللّهُمَّ صَلِّ عَلى مُحَمَّدٍ وَ آلِ مُحَمَّدٍ، صَلاةً كَثِيرَةً تَكُونُ لَهُمْ رِضًى وَ لِحَقِّ مُحَمَّدٍ وَ آلِ مُحَمَّدٍ، أَدَاءً وَ قَضَاءً بِحَوْلٍ مِنْكَ وَ قُوَّةٍ يَا رَبَّ الْعَالَمِينَ، اللّهُمَّ صَلِّ عَلى مُحَمَّدٍ وَ آلِ مُحَمَّدٍ، الطَّيِّبِينَ الْأَبْرَارِ الْأَخْيَارِ، الَّذِينَ أَوْجَبْتَ حُقُوقَهُمْ وَ فَرَضْتَ طَاعَتَهُمْ وَ وِلايَتَهُمْ، اللّهُمَّ صَلِّ عَلى مُحَمَّدٍ وَ آلِ مُحَمَّدٍ، وَ اعْمُرْ قَلْبِي بِطَاعَتِكَ وَ لا تُخْزِنِي بِمَعْصِيَتِكَ وَ ارْزُقْنِي مُوَاسَاةَ مَنْ قَتَّرْتَ عَلَيْهِ مِنْ رِزْقِكَ، بِمَا وَسَّعْتَ عَلَيَّ مِنْ فَضْلِكَ وَ نَشَرْتَ عَلَيَّ مِنْ عَدْلِكَ وَ أَحْيَيْتَنِي تَحْتَ ظِلِّكَ وَ هَذَا شَهْرُ نَبِيِّكَ سَيِّدِ رُسُلِكَ شَعْبَانُ الَّذِي حَفَفْتَهُ مِنْكَ بِالرَّحْمَةِ وَ الرِّضْوَانِ الَّذِي كَانَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَ آلِهِ وَ [سَلَّمَ] يَدْأَبُ فِي صِيَامِهِ وَ قِيَامِهِ فِي لَيَالِيهِ وَ أَيَّامِهِ بُخُوعاً لَكَ فِي إِكْرَامِهِ وَ إِعْظَامِهِ إِلَى مَحَلِّ حِمَامِهِ، اللّهُمَّ فَأَعِنَّا عَلَى الاسْتِنَانِ بِسُنَّتِهِ فِيهِ وَ نَيْلِ الشَّفَاعَةِ لَدَيْهِ، اللّهُمَّ وَ اجْعَلْهُ لِي شَفِيعاً مُشَفَّعاً وَ طَرِيقاً إِلَيْكَ مَهْيَعاً وَ اجْعَلْنِي لَهُ مُتَّبِعاً حَتَّى أَلْقَاكَ يَوْمَ الْقِيَامَةِ عَنِّي رَاضِياً وَ عَنْ ذُنُوبِي غَاضِياً قَدْ أَوْجَبْتَ لِي مِنْكَ الرَّحْمَةَ وَ الرِّضْوَانَ وَ أَنْزَلْتَنِي دَارَ الْقَرَارِ وَ مَحَلَّ الْأَخْيَارِ

التماس دعا

# ૧૫ શાઅબાન
# મહાનતા અને આઅમાલ

**૧૫ શાઅબાન** એક ખૂબ જ બરકતોવાળો દિવસ છે જેના રાત્રિ અને દિવસ (બંનેની) ઘણી જ ફઝીલતોનું વર્ણન થએલ છે. આ રાત્રિ અને દિવસની સૌથી મહત્વપૂર્ણ ફઝીલત અને મહત્વ એ છે કે સને ૫૫ હિજરીમાં આ દિવસે જ આપણાં ઈમામે ઝમાના અજ.નો અત્યંત પુણ્યશાળી જન્મ થયો હતો.

અત્રે આ રાત્રિ અને દિવસના એટલે કે ૧૫ શાઅબાનના કેટલાંક આઅમાલ આપીએ છીએ. શક્ય હોય ત્યાં સુધી આપણે આ આઅમાલ બજાવી લાવવા જોઈએઃ

**૧. સ્નાન (ગુસ્લ) કરવુંઃ-** તેના માટે રિવાયતોમાં વર્ણન છે કેઃ ''૧૫ શાઅબાનની રાત્રિએ સ્નાન (ગુસ્લ) કરવાથી ગુનાહો માફ થઈ જાય છે.''

**૨. રાત્રિ જાગરણ (શબ-બેદારી)ઃ-** આ રાત્રિએ જાગરણનું ઘણું મહત્વ છે અને જો જાગરણ સાથે ઈબાદત પણ થાય તો તેના મહત્વ અને તેની મહાનતામાં અનેકગણો વધારો થઈ જાય છે. પયગમ્બરે અકરમ સ.અ.વ.ની હદીસ છે કેઃ ''જો કોઈ વ્યક્તિ આ રાત્રિએ જાગરણ કરે તો ખુદાવન્દે આલમ કયામતમાં જ્યારે કે સઘળા મન (હૃદય) મૃતપ્રાયઃ થઈ જશે ત્યારે તેના મનને જાગૃત રાખશે.'' (ઈકબાલુલ-આઅમાલ, પાન નં ૭૧૮)





**૩. સલવાતે શાઅબાનીયહને પઢવું:-** આ સલવાત ''મફાતીહ'' અને દુઆઓના અન્ય પુસ્તકો (સંગ્રહો)માં આવી રીતે છે કે: ''અલ્લાહુમ્મા સલ્લે અલા મુહમ્મદિંવ-વ-આલે મુહમ્મદ.... શજરતુન્નુબુવ્વહ-વ-માઅદેનુર્રિસાલહ...'' આ દુઆ માટે એવું પણ વર્ણન છે કે આ દુઆ દરરોજ મધ્યાન્હ (ઝવાલ)ના સમયે પઢવી જોઈએ.

**૪. ૧૫મી રાત્રિની ખાસ દુઆ પઢવી:-** કે જેની શરૂઆત આવી રીતે થાય છે: ''અલ્લાહુમ્મા બે-હક્કે લૈલતના હાઝેહી-વ-મવલદેહા...'' એવું કહેવામાં આવ્યું છે કે આ દુઆ પઢવાવાળો વ્યક્તિ એવો જ છે કે જાણે તેણે ઈમામે ઝમાના અજ.ની ઝિયારત કરી હોય.

**૫. દુઆએ કુમૈલ:-** આ રાત્રિએ ''દુઆએ કુમૈલ'' પણ પઢવી જોઈએ.

**૬. ઝિયારતે ઈમામ હુસૈન અ.સ.:-** તેવી જ રીતે ઝિયારતે ઈમામ હુસૈન અ.સ. પઢવાની પણ તાકીદ છે. રાત્રે અથવા દિવસ દરમ્યાન કોઈ પણ સમયે ધાબા ઉપર અથવા ખુલ્લા આકાશ નીચે ઉભા રહીને આટલું તો પઢવું જ જોઈએ: ''અસ્સલામો અલ્યકા યા અબા અબ્દિલ્લાહ, અસ્સલામો અલ્યકા યબ્ના રસૂલિલ્લાહ, અસ્સલામો અલ્યકા-વ-રહેમતુલ્લાહે-વ-બરકાતોહ.''

**૭. આ ઝિક્રને સો વખત પઢવાનો સવાબ ઘણો વધારે છે:** ''સુબ્હાનલ્લાહે વલ-હમ્દો લિલ્લાહે વ-લાઈલાહા ઈલ્લલ્લાહો વલ્લાહો અકબર'' એવું કહેવામાં આવ્યું છે કે આ ઝિક્રના પઢવાવાળાના અગાઉના સઘળા ગુનાહો અલ્લાહ તઆલા માફ કરી દે છે અને તેની આ જગતની અને પરલોકની હાજતોને પૂરી કરે છે અને દુઆઓને કબૂલ ફરમાવે છે.

السلام علیک یا صاحب الزمان

## બે અગત્યની બાબતોઃ-

**૧.** આ રાત્રિ અને દિવસના મહત્વમાં ઘણી રિવાયતો છે. આ રાત્રિના અન્ય પણ ઘણાં આઅમાલ છે પરંતુ આપણે હમેશાં એ હકીકતનો ખ્યાલ રાખવો જોઈએ કે આવી રીતે કેટલીક મહત્વની રાત્રિઓ અને દિવસોના જે આઅમાલ અને તેના અઢળક સવાબનું જે વર્ણન છે તેનો મૂળ હેતુ એટલો જ છે કે મનુષ્યને સદ્કાર્યો કરવાની ટેવ પડી જાય અને મનુષ્ય નિયમિત રીતે સદ્કાર્યો કરતો થઈ જાય. આવું થઈ જાય ત્યારે આ સઘળો સવાબ મનુષ્યને પ્રાપ્ત થઈ જાય છે અને તે આ લોક અને પરલોક બંનેમાં સફળ થઈ જાય છે. તેથી,હે મિત્રો અને યુવાનો! આપણે આ બાબતે સભાનતાપૂર્વક પ્રયાસ કરવો પડશે કે આ રાત્રિ અને દિવસ દરમ્યાન સદ્કાર્યો કરવા માટે પોતાને તૈયાર કરી લઈએ.

**૨.** આ આઅમાલ અને ઝિક્ર ઉપરાંત પણ આ દિવસ ઈમામે ઝમાના અજ.ના પુણ્યશાળી જન્મનો દિવસ છે તેથી હમેશાંની જેમ ઈમામે ઝમાના અજ.ના ઝહૂર (પ્રગટ થવા)ની દુઆ, આપ અજ.ની સલામતીની દુઆ, સદકો કાઢવો એ કાર્યો પણ ભૂલવા જોઈએ નહીં. તેવી જ રીતે ઈમામે ઝમાના અજ.ની યાદ મનાવવા માટે મહેફિલો, જશ્ન (ઉજવણી) અને સજાવટની પણ ખાસ વ્યવસ્થા કરવી જોઈએ, ખાસ કરીને જગતના લોકોને ઈમામે ઝમાના અજ. પ્રત્યે આકર્ષવાના કાર્યો કરવા જોઈએ અને તે રીતે આપ અજ.ના પ્રેમના પ્રકાશપુંજને લોકોના મન સુધી પહોંચાડો અને તે રીતે આપ અજ.ના ઝહૂરના માર્ગને સરળ બનાવો.

# રસૂલુલ્લાહ સ.અ.વ.ના
# વિશિષ્ટ ગુણો

(હપ્તો પાંચમો)

૬૮. આપ સદકો નહોતા કરતાં.

૬૯. કોઈને પણ એકીટસે જોતાં નહોતાં.

૭૦. ભૂખને કારણે મોટે ભાગે પેટ ઉપર પત્થર બાંધી લેતાં હતાં.

૭૧. જે પણ ઉપલબ્ધ હોય તે જમી લેતાં હતાં.

૭૨. કોઈ પણ વસ્તુને તરછોડી દેતાં નહોતાં.

૭૩. આપ સ.અ.વ. મોટા ભાગે સફેદ વસ્ત્રો (પરિધાન કરતાં) પહેરતાં હતાં અને માથે પાઘડી (અમામા) બાંધતાં હતાં.

૭૪. જુમ્આના દિવસે સારા વસ્ત્રો ધારણ કરતાં હતાં અને જુના વસ્ત્રો ભિક્ષુકને આપી દેતાં હતા. આપ સ.અ.વ.ની એક જ અબા (એક ઉપવસ્ત્ર) હતી. આપ ક્યાંય જતાં તો તેને જ પહેરતાં હતાં. જમણાં હાથની નાની આંગળીમાં ચાંદી (ની વીંટી) પહેરતાં હતાં.

૭૫. આપ સ.અ.વ.ને દુર્ગંધ પ્રત્યે અણગમો હતો.

૭૬. દરેક વઝુ વખત દાતણ કરતાં હતાં.

૭૭. સવારી ઉપર ક્યારેક આપ સ.અ.વ. તો ક્યારેક બીજાને પાછળ બેસાડતાં હતાં.

૭૮. જે સવારી મળે તેનાથી ચલાવી લેતાં હતાં; ઘોડો-ખચ્ચર કે ઉંટ કાંઈ પણ.

૭૯. આપ સ.અ.વ. દરિદ્રો અને ગરીબો સાથે બેસતાં હતાં અને તેમની સાથે ભોજન કરતાં હતાં.

૮૦. દરેક વ્યક્તિ સાથે આદર અને શિષ્ટાચાર સાથે વ્યવહાર કરતાં હતાં.

૮૧. જો કોઈ ક્ષમાયાચના કરે તો તેની ક્ષમાયાચના સ્વીકારી લેતાં હતાં.

اللهم صل على محمد وآل محمد وعجل فرجهم

૮૨. આપ સ.અ.વ. કદી પણ સ્ત્રીઓ અને સેવકો પર ક્રોધિત નહોતાં થતાં અને તેમને કાંઈ કહેતાં નહોતાં.

૮૩. જ્યારે પણ કોઈ મુક્ત કરી દેવામાં આવેલ દાસ (ગુલામ) કે દાસી આપ સ.અ.વ.ની પાસે કોઈ સહાયતા માંગતાં તો આપ સ.અ.વ. તરત જ ઉભા થઈને સાથે (સહાયતા માટે) ચાલવા લાગતાં હતાં.

૮૪. આપ સ.અ.વ. દુર્વ્યવહાર કરનાર વ્યક્તિ સાથે પણ સદ્‌વ્યવહાર કરતાં હતાં.

૮૫. કોઈની સાથે મળતાં તો સલામ કરવામાં પોતે જ પહેલ કરતાં હતાં. પુરૂષો સાથે હસ્તધૂનન કરતાં હતાં અને બાળકો અને સ્ત્રીઓને સલામ કરતાં હતાં.

૮૬. આપ સ.અ.વ. પાસે જે કોઈ પણ આવતા, આપ સ.અ.વ. તેને (દરેકને) આદર આપતાં હતાં.

૮૭. લોકો સાથેની ગોષ્ઠિમાં જ્યારે પણ બેસતાં ત્યારે ખુદાનો ઝિક્ર અવશ્ય કરતાં હતાં. મોટા ભાગે કિબ્લાની દિશામાં મોઢું રાખીને બેસતાં હતાં. દરેક ગોષ્ઠિ-સભામાં ઓછામાં ઓછી પચીસ વખત તો ગુનાહોની માફી (ઇસ્તિગફાર) અવશ્ય માગતાં હતાં.

૮૮. આપ સ.અ.વ.ની મરજી અથવા આપ સ.અ.વ.નો ક્રોધ કદીયે સત્ય વાત કહેવાની બાબતે અડચણ બનતાં નહોતાં. (દરેક પરિસ્થિતિમાં આપ સ.અ.વ. સત્ય કહેતાં હતાં.)

૮૯. આપ સ.અ.વ.ને માંસ અને દૂધી ભાવતાં હતાં. પોતે શિકાર નહોતાં કરતાં પરંતુ શિકારનું માંસ ખાતાં હતાં અને તેવી જ રીતે ઘી પણ આપને ભાવતું હતું.

૯૦. આપ સ.અ.વ. પોતાની સામે હોય તે જ વસ્તુઓ ખાતાં હતાં. (બીજાની સામે હોય તેને ઉપાડી લેતાં નહોતાં) પરંતુ ખજૂર પોતે ખાય તે પહેલાં આજુ-બાજુના લોકોને ધરતાં હતાં.

# ઈમામે ઝમાના અજ.ના ઝહૂરના કેટલાંક પ્રતિક્ષા કરવાવાળાઓ ઝહૂર પછી ઈમામ ઝમાના અજ.થી કેમ દુશ્મની કરતાં થઈ જશે?

હુજ્જતુલ-ઈસ્લામ ''પનાહિયાન'' એ પોતાના પુસ્તક (ઈન્તિઝારે આમિયાના, આલિમાના, આરિફાના)માં આ વિશે લખ્યું છે કેઃ ''મહદવિય્યત (ઈમામે ઝમાના અજ. પ્રત્યેની શ્રધ્ધા)ના વિષયમાં એક વિવાદ એવો પણ છે કેઃ કહેવાય છે કે ઈમામે ઝમાના અજ.ના ઝહૂર (પ્રાગટ્ય)ની પ્રતિક્ષા કરવાવાળાઓ પૈકીના કેટલાંક પ્રતિક્ષા કરવાવાળાઓ એવા પણ છે કે જેઓ આપ અજ.ના ઝહૂર પહેલાં તો આપ અજ.ના ઝહૂરની તિવ્ર પ્રતિક્ષા કરતાં હશે પરંતુ આપ અજ.ના ઝહૂર પછી આપ અજ.નો વિરોધ શરૂ કરી દેશે.''

પરંતુ પ્રશ્ન એ ઉભો થાય છે કે આવું કેમ થશે? કેમ ઈમામ અજ.ની પ્રતિક્ષા કરવાવાળાઓ ઝહૂર પછી આપ અજ.નો વિરોધ કરવાનું શરૂ કરી દેશે? આવું કેમ?!

આનો જવાબ એ છે કે તેઓ ઈમામે ઝમાના અજ. વિશે એક તદ્દન કાલ્પનિક ધારણાં રાખે છે અને જ્યારે તેઓ ઈમામે ઝમાના અજ.ના સાચા અસ્તિત્વને જોશે અને તે સાચું અસ્તિત્વ તેમની કાલ્પનિક ધારણાંથી મેળ ખાતું નહીં હોય તેથી તેઓ આપ અજ.નો વિરાધ કરવાનું શરૂ કરી દેશે.

જે લોકો સામાન્ય વિવેક અને બુધ્ધિ ધરાવે છે તેઓની સામાન્ય સમજશક્તિ પ્રમાણેની ધારણાં તેમનામાં એટલી દ્રઢ થએલી હશે કે તેમાં તેમને લેશમાત્ર પણ ફેરફાર સ્વીકાર્ય નહીં હોય. તેથી આવા લોકો

اللهم كن لوليك الحجة بن الحسن

ઈમામે ઝમાના અજ. માટે લાભદાયી થવાને બદલે તેમના માટે તેમના શોક અને દુ:ખનું કારણ બની જશે.

આવા લોકો એવું સમજી બેઠાં હશે કે તેમને તો આ અંગેનું સઘળુ જ્ઞાન છે. તેઓ પોતાને વિદ્વાન ધારી બેઠાં હશે તેથી આવા લોકો કહેવા લાગશે કે: ''આ તો ઈમામે ઝમાના અજ. છે જ નહીં, અમે તો જાણકાર છીએ, અમે ઓળખીએ છીએ, અમે તો પ્રતિક્ષા કરતાં જ હતાં અને હવે અમો જ તેમની ઓળખ પ્રસ્થાપિત કરી આપીશું કે આ તે ઈમામ છે કે નહીં.''

જો કે કેટલાંક લોકો એવા પણ હશે કે ઈમામ અજ.ની આજ્ઞાઓ તેમના હિતથી વિપરિત હોવાને કારણે (માત્ર પોતાના હિતોની રક્ષાના કાજે) આપ હઝરત અજ.નો વિરોધ કરશે કે જેવી રીતે મદીનાના યહૂદીઓએ કર્યું હતું.

રસૂલે અકરમ સ.અ.વ.ના નબુવ્વત અને રિસાલતની જાહેરાત (બેઅસત) થઈ તે પહેલાં મદીનાના યહૂદીઓ મદીનાવાસીઓ સાથે ગર્વથી વર્તાવ કરતાં હતાં, એક પયગમ્બર નિયુક્ત થશે અને તેમની નિશાનીઓ આવી-આવી છે પરંતુ પયગમ્બર અકરમ સ.અ.વ.નો ઈસ્લામનો સંદેશો મદીના સુધી પહોંચ્યો કે તરત જ આ યહૂદીઓએ વિરોધ શરૂ કરી દીધો કે આ વ્યક્તિ તો જેનો વાયદો કરવામાં આવ્યો છે તે પયગમ્બર છે જ નહીં.

કેમકે પ્રતિક્ષા કરવાના દાવો કરનારાઓ પૈકી કેટલાંકની ઈમામ મહદી અજ.ની બાબતે એક ખોટી ધારણાં છે અને તેઓ માનવીય જગતના મોક્ષદાતા સંબંધે તદ્દન ખોટી ધારણાં ધરાવે છે તેથી ઝહૂર પછી તેમનો સાથ નહીં આપે.

# કુરઆને મજીદમાં અનેક વિદ્યાઓના ઉલ્લેખો

(ગતાંકથી ચાલૂ)

## ૧૩. આત્માના જગતની વિદ્યાઃ–

“ઇન્નલ્લાહા યતવફ્ફલ-અન્ફુસા હીના મૌતેહા વલ્લતી લમ-તમુત ફી-મનામેહા.” (સૂરએ ઝોમર, આયત નં ૪૨) અર્થાતઃ “અલ્લાહ એ જ છે કે જે મૃત્યુના સમયે આત્માને લઈ લે છે અને જેમનું મૃત્યુ થએલું હોતું નથી તેમની આત્માઓને પણ તે ઉંઘતો હોય ત્યારે પોતાની પાસે બોલાવી લે છે.”

આ આયત ભૌતિક જગત ઉપરાંત આત્માનું પણ એક જગત છે તે બાબત પ્રત્યે અંગૂલીનિર્દેશ કરે છે. તેનો લાભ એ છે કે ઉંઘની પરિસ્થિતિમાં આત્મા શરીરને તજી દઈને પોતાના જગતનો પ્રવાસ કરે છે. જો તે વ્યક્તિના મૃત્યુનો સમય થઈ ગયો હોય તો આત્મા પોતાના જગતમાં જ રહી જાય છે અને જો જીવન બાકી હોય તો પહેલાંની જેમ શરીર સાથે જોડાઈ જાય છે.



## ૧૪. વિદ્યુતશાસ્ત્ર:–

"વ-ઇઝલ બિહારો સુજ્જેરત" (સૂરએ તકવીર, આ ૬) અર્થાત: "અને (એવો સમય પણ આવશે) જ્યારે સમુદ્રોમાં આગ લાગી જશે."

આગ સાથે પાણી અને પાણી સાથે આગનો વિચાર આજના આધુનિક યુગમાં પણ અશક્ય ગણવામાં આવે છે. આજથી ચૌદ સૈકા પહેલાના અજ્ઞાની અરબોના જગતની તો વાત જ ક્યાં રહી! પરંતુ કુરઆને મજીદમાં સમુદ્રની સાથે તેમાં અગ્નિ પ્રજવલિત થઈ જશે તેવો શબ્દ પ્રયોગ કરીને આજના વૈજ્ઞાનિક જગતની વિચારધારાને ગુરૂત્વાકર્ષણ અને વિદ્યુત શક્તિની દિશા ચિંધી દીધી છે. જે પાણીમાં અસ્તિત્વ ધરાવે છે. તફાવત એ છે કે આ શક્તિઓથી લાભાંવિત થવા માટે સાધનો, સામગ્રીની આવશ્યકતા હોય છે અને આવતી કાલે કયામતના દિવસે આ શક્તિ આપમેળે જ પ્રગટ થઈ જશે. "વ-અખરજતિલ-અર્ઝો અષકાલહા" અર્થાત: "પૃથ્વી સઘળા ખજાનાઓ કાઢી મૂકશે (ઓકી નાંખશે) ત્યારે પાણી પણ (પોતાની) સઘળી શક્તિઓને જાહેર કરી દેશે."



# ઈમામે ઝમાના અજ.

# અને આપણી ફરજ

બાળકો! આ વાત યાદ રાખો કે આપણાં ઈમામે ઝમાના અજ. અત્યારે "પરદએ ગૈબ"માં છે તેથી આ સમયે આપણી કેટલીક ફરજો છે, આપણું પણ કેટલુંક ઉત્તરદાયિત્વ છે. આપણે તે પ્રમાણે વર્તવું જોઈએ અને બીજાઓને પણ તે પ્રત્યે (તેમની ફરજો બાબતે) જાગૃત કરવા જોઈએ:

૧. ઈમામ અજ. વતી તેમની સલામતી માટે સદકો કાઢવો.

૨. પોતે ઈમામ અજ. વતી હજ કરે અથવા બીજા કોઈને તેમના વતી (તેમનો નાઇબ બનાવીને) મોકલે.

૩. ઈમામ અજ.નું નામ સાંભળીને આદર આપવા માટે ઉભા થઈ જવું.

૪. ઝહૂર (પ્રગટ્ય) માટે ખુદાની બારગાહમાં ખૂબ જ મોટા પ્રમાણમાં દુઆ કરતા રહેવું.

૫. ઈમામ અજ. પ્રત્યે સદાયે પ્રેમભાવ રાખવો.

૬. પોતાના ચારિત્રનું ઘડતર અને ચારિત્રનું સુશોભન એવી રીતે કરે કે એહલેબૈત અ.સ.ની જેવી ઇચ્છા છે.

૭. દુઆએ નુદબા અને દુઆએ તવસ્સુલ પઢવી.

# વિચારીને કહો

ઈમામે જાઅફરે સાદિક અ.સ. એ ફરમાવ્યું છે કેઃ ''અમારા છેલ્લા ફરઝન્દ (આખરી ફરઝન્દ - ઈમામે ઝમાના અજ.)ના ઝહૂર (પ્રાગટ્ય)ના સમયે જગત એટલી પ્રગતિ કરી ચુક્યું હશે કે મનુષ્ય હજારો માઈલ દૂરથી પણ એક-બીજા સાથે એવી રીતે વાત કરતો હશે કે જાણે સામે બેસીને જ વાત કરતો હોય.''

બાળકો!

કહો કે એ કયો આવિષ્કાર છે

કે જે આ વાત પર ખરો ઉતરે છે??!








# શાઅબાન માસની
# અત્યંત મહત્વપૂર્ણ ઘટનાઓ

**૩-શાઅબાનઃ- ઈમામ હુસૈન અ.સ.નો પુણ્યશાળી જન્મ.**

આપ અ.સ.નો પુણ્યશાળી જન્મ સને ૪ હિજરીમાં ત્રીજી શાઅબાનના દિવસે મદીના શહેરમાં થયો હતો. આપ અ.સ.ને ''અબૂ-અબ્દિલ્લાહ''ની કુનિયત (વંશવાચક નામ) અને ''સૈયદે શબાબે અહલિલ-જન્નહ, સિબ્તુન્નબી, મુબારક, સૈયદુશ્શોહદા'' એવા ઉપનામો (લકબો)થી યાદ કરવામાં આવે છે. નબીયે અકરમ સ.અ.વ.એ પોતાના આ વહાલા દોહિત્ર વિશે ફરમાવ્યું છે કેઃ ''મોમિનોના મનમાં હુસૈન અ.સ. માટે એક ખાસ પ્રેમભાવ સંતાડીને રાખવામાં આવ્યો છે અને આપ અ.સ. જન્નતના દ્વારો પૈકીનો એક દ્વાર છે. જેના હાથમાં મારા-મુહમ્મદ સ.અ.વ.-ના પ્રાણ છે તે ખુદાના સમ! હુસૈન (અ.સ.)ને પૃથ્વીવાસીઓ કરતાં આકાશવાસીઓ વધારે આદર અને સમ્માનથી યાદ કરે છે અને તેઓ તો આકાશ અને પૃથ્વી (બંને)નો શણગાર છે.''




આપનું મુબારક નામ જનાબ મૂસા અ.સ.ના પુસ્તકમાં ‘‘શબ્બીર’’ અને હઝરત દાઊદ અ.સ.ના પુસ્તક ‘ઝબૂર’માં ‘‘તાબ’’ એટલે અત્યંત પવિત્ર છે. આપ અ.સ.ના પુણ્યશાળી જન્મના પ્રથમ અથવા સાતમાં દિવસે ‘વહીના અમીન’ હઝરત જીબ્રઈલ અ.સ. આવ્યાં અને અરજ ગુજારીઃ ‘‘હે પયગમ્બરે ખુદા! આપ સ.અ.વ. ઉપર ખુદાની સલામ હજો! આ નવજાત શિશુનું નામ હારૂનના નાના દીકરા ‘‘શબ્બીર’’ના નામ પ્રમાણે રાખો કેમકે અલી અ.સ.નો દરજ્જો આપ સ.અ.વ. સાથે એવો જ છે જેવો જનાબે હારૂનનો હઝરત મૂસા અ.સ. સાથે હતો. ફેર માત્ર એટલો જ છે કે આપ સ.અ.વ. સઘળા પયગમ્બરોની શ્રૃંખલામાં અંતિમ છો.’’

ઈમામ હુસૈન અ.સ.એ ૬ વરસ અને અમુક માસ પોતાના અત્યંત પુણ્યશાળી પિતામહની છત્રછાયામાં અને ૩૦ વરસ પોતાના પુણ્યશાળી પિતા મૌલાએ મુત્તકીયાન (પરહેઝગાર અને સંત લોકોના શિરોમણી) ઈમામ અલી અ.સ.ની છત્રછાયામાં વિતાવ્યાં હતાં અને ‘‘જમલ, નહેરવાન અને સિફ્ફીન’’ના યુધ્ધમાં સામેલ થયાં હતાં. તે પછી ૧૦ વરસ સુધી પોતાના જયેષ્ઠ ભાઈ ઈમામ હસન અ.સ. સાથે રહ્યાં હતાં અને આપની પોતાની ઈમામતનો કાર્યકાળ ૧૦ વરસનો છે.

### ૪-શાઅબાનઃ- હઝરત અબ્બાસ અલમદારે કરબલા અ.સ.નો પુણ્યશાળી જન્મઃ

આપ અ.સ.નો પુણ્યશાળી જન્મ સને ૨૬ હિજરીમાં ૪ શાઅબાનના દિવસે થયો હતો. આપ અ.સ. ઈમામ અલી અ.સ.ના સુપુત્ર હતાં અને આપ અ.સ.ના આદરણીય માતાનું નામ ''ફાતેમા'' હતું જે ''ઉમ્મુલ બનીન''ના નામે જાણીતાં છે કેમકે હઝરત અબ્બાસ અ.સ. સહિત આપના ચાર સુપુત્ર હતાં અને તે ચારેય કરબલામાં ઈમામ હુસૈન અ.સ. પર કુરબાન થઈ ગયાં હતાં.

જનાબ અબ્બાસ અ.સ. પોતાના આદરણીય પિતા પછી પોતાના માઅસૂમ ભાઈઓ સાથે રહ્યાં અને તેમની આજ્ઞાઓને હમેશાં શિરોમાન્ય ગણતાં હતાં અને એક પળ માટે પણ પોતાના ભાઈઓ- તેમાં પણ ઈમામ હુસૈન અ.સ.ની- સહાયતામાં પાછીપાની નહોતી કરી. આપ અ.સ. અતિ સૌંદર્યવાન હતાં તેથી જ આપ અ.સ.ને ''કમરે બની હાશિમ'' (બની હાશિમનો ચંદ્ર) કહેવામાં આવે છે.






**૫-શાઅબાનઃ- ઈમામ સજ્જાદ અ.સ.નો પુણ્યશાળી જન્મઃ**

એક રિવાયત પ્રમાણે સને ૩૮ હિજરીમાં આ દિવસે ઈમામ સજ્જાદ અ.સ.નો પુણ્યશાળી જન્મ થયો હતો. આપનું નામ ‘‘અલી’’ છે, વંશવાચક નામ (કુનિયત) ‘‘અબૂ મુહમ્મદ અને અબૂલ-હસન’’ છે અને ‘‘ઝૈનુલ આબેદીન, સૈયદુલ આબેદીન, સૈયદુસ્સાજેદીન અને સજ્જાદ’’ આપ અ.સ.ના પ્રખ્યાત ઉપનામો (લકબો) છે. માતાનું નામ ‘‘શહેરબાનુ’’ હતું.

એ યાદ રાખવું જોઈએ કે ઈસ્લામી કેલેન્ડર પ્રમાણે આ વરસે આપ અ.સ.ના પુણ્યશાળી જન્મને ‘‘૧૪૦૦’’ વરસ પૂર્ણ થઈ ગયાં છે તેથી આપણે આપ અ.સ.ની સાચી ઓળખ (માઅરેફત) મેળવીને આપ અ.સ.ના બોધવચનોને આપણાં જીવનમાં અપનાવવા જોઈએ.




**૧૧-શાઅબાનઃ- અલી અકબર અ.સ.નો પુણ્યશાળી જન્મઃ**

હિજરી સન ૪૩ના ૧૧મી શાઅબાનના દિવસે આપ અ.સ.નો પુણ્યશાળી જન્મ થયો હતો. નબી અકરમ સ.અ.વ. સાથે આપ અ.સ. નાક-નકશા, મુખારવિન્દ અને ચારિત્રમાં અત્યંત સામ્ય ધરાવતાં હતાં તેથી જ આપને ''હમશબીહે પયગમ્બર'' કહેવામાં આવે છે. આપ અ.સ.ના આદરણીય પિતાનું નામ હઝરત ઈમામ હુસૈન અ.સ. અને માતાનું નામ ''લૈલા બિન્તે મર્રહ ષકફી'' છે. ઈમામ સાદિક અ.સ.એ આપનું વંશવાચક નામ (કુનિયત) ''અબૂલ હસન'' જણાવ્યું છે.

**૧૫-શાઅબાનઃ- ઈમામે ઝમાના અજ્જલ્લાહો તઆલા ફરજહુશ્શરીફનો અત્યંત પુણ્યશાળી જન્મઃ**

૧૪ માઅસૂમીન અ.સ.ની શ્રૃંખલાની અંતિમ કડી હઝરત ઈમામે ઝમાના અજ.નો અત્યંત પુણ્યશાળી જન્મ આ મહીનાની પંદરમી તારીખે સન હિજરી

૨૫૫માં થયો હતો. આપ શુક્રવારની રાત્રિએ (શબે જુમ્આ) ‘‘સામર્રહ’’ શહેરમાં જન્મ્યાં હતાં. પાંચ વરસ સુધી પોતાના પુણ્યશાળી પિતા સાથે રહ્યાં, તેમનો સમકાલિન અત્યંત અત્યાચારી સમ્રાટ હાથ ધોઈને આપ અજ.ને શહીદ કરી દેવા માટે પાછળ પડી ગયો હતો તેથી આપ અજ.ને સામાન્ય લોકોથી ખૂબ જ સાવચેતીપૂર્વક સંતાડીને રાખવામાં આવ્યાં હતાં અને તેથી જ ખુદાવન્દે આલમે આજ સુધી પણ આપ અજ.ને જગતની દ્રષ્ટિથી સંતાડીને જ રાખ્યાં છે તેમ છતાં પણ સૂર્યની જેમ આપ અજ.ની તેજસ્વિતા અને પુણ્યશાળી બરકતો સમગ્ર જગત ઉપર છે. આપણે આપ અજ.ના ઝહૂર (પ્રાગટ્ય-પ્રગટ) થવાની દુઆ કરતાં રહેવું જોઈએ.



# पत्रावली

Date: 17-2-17

★ હ. અલી (અ.સ.) ★

"જીસ જમીન પર બારીશ ના હો,
વહા કી ફસલે બરબાદ હોતી હૈ
ઔર જીસ ઘર મેં દીન ના હો,
વહા કી નસ્લે બરબાદ હો જાતી હૈ"

હ. અલી (અ.સ.) :-

ખુદા રહેમ કરે ઉસ શખ્સ પર, જો હક કો ઝીંદા કરતા હૈ ઔર બાતિલ કો માર ડાલતા હૈ. ઝુલ્મો સિતમ કા કીલા કમા કરતા હૈ

નકવી અલીનવાઝ, અનવર હુસૈન, સરફરાઝ હુસૈન
આહાત કોલોની, રહેમત પાર્ક,
મહુવા.
9714936059

130 SMART

---

Date: 18-2-17

## હ. અલી (અ.સ.) ના બોધ વચનો.

★ અજ્ઞાનતા ★

⇒ અજ્ઞાનતા એક મુસીબત છે.

⇒ વિદ્વાન મરણ પછી પણ જીવતા રહે છે. અને અજ્ઞાનીઓ જીવે છે છતા મરી ગયેલા છે.

⇒ અજ્ઞાનતા એવી બલા છે કે જીવતાઓને મુડદા બનાવી દે છે અને હંમેશા કમનસીબીમાં ફસાયેલા રાખે છે.

★ વાયદો પુરો કરવો ★

⇒ વાયદો કરવો એ એક પ્રકારનો રોગ છે ને તે પૂરો કરવો એ તંદુરસ્તી છે.

નકવી અલીનવાઝ અબ્બાસ હુસૈન
આહાત કોલોની
મહુવા.
9714936059

130 SMART

---

(નકવી અનવર હુસૈન)
મહુવા.

| ક્રમ | રાજ્ય | પાટનગર |
|---|---|---|
| 1 | અરુણાચલ પ્રદેશ | ઈટાનગર |
| 2 | આસામ | દિસપુર |
| 3 | આંધ્ર પ્રદેશ | હૈદરાબાદ |
| 4 | ઓડિશા | ભુવનેશ્વર |
| 5 | ઉત્તર પ્રદેશ | લખનઉ |
| 6 | ઉત્તરાખંડ | દહેરાદુન |
| 7 | કર્ણાટક | બેંગલુરુ |
| 8 | કેરલ | તિરુવનંતપુરમ |
| 9 | ગુજરાત | ગાંધીનગર |
| 10 | ગોવા | પણજી |
| 11 | છત્તીસગઢ | રાયપુર |
| 12 | જમ્મુ કાશ્મીર | શ્રીનગર |
| 13 | ઝારખંડ | રાંચી |
| 14 | તમિલનાડુ | ચેન્નઈ |
| 15 | તેલંગણા | હૈદરાબાદ |
| 16 | ત્રિપુરા | અગરતલા |
| 17 | નાગાલેન્ડ | કોહિમા |
| 18 | પશ્ચિમ બંગાળ | કોલકતા |
| 19 | પંજાબ | ચંડીગઢ |
| 20 | બિહાર | પટણા |
| 21 | મણિપુર | ઇમ્ફાલ |
| 22 | મધ્યપ્રદેશ | ભોપાલ |
| 23 | મહારાષ્ટ્ર | મુંબઈ |
| 24 | મિઝોરમ | આઇઝોલ |
| 25 | મેઘાલય | શિલોંગ |
| 26 | રાજસ્થાન | જયપુર |
| 27 | સિક્કીમ | ગંગટોક |
| 28 | હરિયાણા | ચંડીગઢ |
| 29 | હિમાચલ પ્રદેશ | શિમલા |

---

૯૧

## ૪૨: સુરએ શુરા કી ફઝીલત

હ. રસુલે ખુદા (સ.) એ ફરમાવ્યું કે જે કોઈ આ સુરાને પઢે તો ફરીશ્તા તેના ઉપર દુરૂદ પઢશે અને તેના માટે ઈસ્તીગફાર (તૌબા) કરશે. હ. ઈમામે જાફર સાદિક (અ.) એ ફરમાવ્યું કે જે કોઈ આ સુરો પઢે તો કયામતમાં તેનું મોઢું બરફ જેવું સફેદ અને સુરજની જેમ ચમકશે, જ્યારે તે અર્શની પાસે પહોંચશે તો અલ્લાહ તેને ફરમાવશે: અય બંદએ મોઅમીન! આ સુરાનો કેટલો સવાબ છે તે તું જાણતો ન હતો છતાં પઢતો હતો. જો તું જાણતો હોત તો આ સુરાને પઢવાથી થાકત નહિ. હવે તને સવાબની ખબર પડશે.

પછી અલ્લાહ તઆલા ફરમાવશે કે અય મલાએકાઓ! આ બંદા માટે જે રાતા યાકુતનું એક આલીશાન મહાલ બનાવ્યું છે. તેના કંગુરા પણ રાતા યાકુતના છે. તેની સફાઈ-લતાફત એવી છે કે અંદરનો ભાગ બહારથી અને બહારનો ભાગ અંદરથી દેખાય છે. તેમાં પાકીઝા અને જવાન હુરો છે અને હજાર બાંદીઓ તેમજ હજાર ગુલામો પણ તેમાં છે. તેમના કાનમાં એરીંગ છે અને તેનું સૌંદર્ય હમેશા રહેશે.

ખાસીયત: આ સુરાને લખીને મુસાફરીમાં પીએ તો તેની પ્યાસ બુઝાઈ જશે. તેનું પાણી લખીને ગોરકીની બિમારીવાળા પર છાંટે તો દુઃખ આપનાર શયતાન ભાગી જઈ તેની પાસે આવશે નહિ.

લી. નકવી મોહંમદ
બીન સલીમ રઝા
કોડીનાર

## ઈમામ હુસૈન અ.સ. એ ફરમાવ્યું છેઃ

મોમિનને જેની સાથે વેર હોય છે તેની સાથે પણ અત્યાચાર નથી કરતો અને જેની સાથે તે પ્રેમ કરે છે તેના માટે (પણ) તે ગુનાહ નથી કરતો.

બાળકો! દરરોજ રાત્રે વઝુ કરીને સૂવાનું રાખો અને આ માટે પોતાના માત-પિતાને પણ પ્રેરિત કરો કેમકે રાત્રે વઝુ કરીને સૂવાવાળાની રૂહ (આત્મા) કાઅબાની પ્રદક્ષિણાં (તવાફ) કરતી રહે છે.

ફરિશ્તાઓ તેના માટે નેકીઓ લખે છે.

તે (રાત્રે ઉંઘમાં) આળોટે છે ત્યારે ફરિશ્તાઓ તેના સઘળા ગુનાહ માફ થઈ જાય તેની દુઆ કરે છે.

તે સવારે ઉઠીને જે દુઆ માંગે તે કબૂલ થાય છે.

ماهنامه هادی


**Publish 10th Every Month, RNI No: GUJGUJ/2015/59960** રૂ/. 30

**Registered under Postel Registration No: AHD-C/51/2015-2018 valid up to 31th December 2018**

**Issued by the SSPO's Ahmedabad City Division, Permitted to post at Ahmedabad PSO on 10th of every month**

**Published From: HAUZA-E-ILMIYAH IMAM KHOMAINI CHARITABLE TRUST**

**865/866, Behind Taslim Society, Near Golden Park, Vatva, AHMEDABAD - 382 440**





اللهم كن لوليك
الحجة بن الحسن
صلواتك عليه
وعلى آبائه
في هذه الساعة
وفي كل ساعة

وليا وحافظا
وقائدا وناصرا
ودليلا وعينا
حتى تسكنه
أرضك طوعا
وتمتعه فيها طويلا

اللهم كن لوليك الحجة بن الحسن


PRINTED AND PUBLISHED BY: RIZVI MOHMED RAZA ABID HUSEIN ON BEHALF OF
HAUZA-E-ILMIYAH IMAM KHOMAINI CHARITABLE TRUST, RNI NO: GUJGUJ/2015/59960
AND PRINTED AT PRINT CARE, N.R. ESTATE, TAVDIPURA, SHAHIBAUG, AHMEDABAD-380 004
AND PUBLISHED FROM HAUZA-E-ILMIYAH IMAM KHOMAINI CHARITABLE TRUST
865/866, BEHIND TASLIM SOCIETY, NEAR GOLDEN PARK, VATVA, AHMEDABAD- 382 440
EDITOR: RIZVI MOHMED RAZA ABID HUSEIN


